GJGS020023152016

सत्यमेव जयते

**રે.દિ.મુ.નં.૧૫૬/૨૦૧૬**

## આંક–૫ લગત હુકમ

(૧) આ કામે વાદી ધ્વારા હાલનો દાવો કાયમી મનાઈ હુકમ તેમજ આજ્ઞાત્મક મનાઈ હુકમ માટે લાવવામાં આવેલ છે અને વચગાળાનો મનાઈ હુકમ મેળવવા માટે હાલની અરજી લાવવામાં આવેલ છે. જેની ટુંકમાં હકીકત એવી છે કે, વાદીઓ ગીર સોમનાથ જીલ્લાના સુત્રાપાડા તાલુકાના સીંગસર ગામે રહે છે અને વાદીને ઢોર–ઢાખર આવેલ હોય તે રીતે તેઓ પોતાના પરીવાર સાથે ખેતીનું કામ કાજ કરી પોતાનું તથા પરીવારનું ભરણપોષણ કરે છે. વાદી ગુજરનાર કોળી કાળા જીવા કામળીયાના વારસદારો છે અને તેમના ભાગમાં આવેલી ખેતીની જમીનના તેઓ માલીક, કબજેદાર અને કબજો ભોગવટો ધરાવતા હોય તેઓની વંશાવલીમાં કોળી કાળા જીવા કામળીયા આશરે ૭૦ વર્ષ પહેલા અવસાન પામેલ છે. તેઓને બે પુત્રો (૧) નાજા કાળા તથા (૨) હીરા કાળા છે અને ત્રણ દીકરીઓ છે. જેમાં હીરા કાળાનું અવસાન થઈ ગયેલ છે તેમજ ત્રણ દીકરીઓ પણ લગ્ન બારી છે. નાજા કાળાના બે પુત્રો અને પાંચ પુત્રીઓ છે. જેમાં પાંચેય દીકરીઓના લગ્ન પ્રસંગ થઈ ગયેલા છે અને બે પુત્રો જીણા નાજા અને પુંજા નાજા જે હાલના કામના વાદીઓ છે અને તે સિવાય અન્ય ખેતીની જમીનના તેઓ માલીક બનેલ છે. આ કામમાં કોળી કાળા જીવા હૈયાત હતા તે વખતે તેઓ જે તે વખતે સ્પે.મામલતદાર દક્ષિણ વિભાગ, સોરઠ ડીસ્ટ્રીકટ વખતે સીંગસર ગામે સીકારીઓના પા તરીકે ઓળખાતી સર્વે નં.૪૦૮ તેમજ ૪૦૯ વાળી ખેતીની જમીનો આવેલી છે. જેમાં તે જમીન અંગે કોળી કાળા જીવાના કબજા, ભોગવટા અને માલીક તરીકેની જમીન હોય તેઓએ જે તે વખતે કાયદેસર ઘરખેડની કાર્યવાહી કરેલ અને તેમાં ગુજરનાર મહમદમીયા બડામીયા

પક્ષકાર હતા તે ૧૯૫૪ ની હકીકતે તે કેસ ઘરખેડનો ચાલેલ હતો. જેના કેસ નં.૮૨૧ અને ફેસલ તા.૧૨/૧૦/૧૯૫૪ છે. તે જમીન કાયદેસર રીતે ગુજરનાર કાળા જીવાને ગણોતીયા તરીકે સ્વીકારી કબજા હકક આપવાનું ઠરાવેલ છે અને તે રીતે તે સમયથી સતત રીતે વિના રોકટોક શાંત અને પ્રત્યક્ષ રીતે કબજો, ભોગવટો ધરાવે છે. આ કામમાં કોળી કાળા જીવા ગુજરી ગયા ત્યારબાદ તેના વારસદારો પાસે આવેલ હતી અને તે વારસોના અવસાન બાદ કોળી જીણા નાજા અને પુંજા નાજા વાદીઓ પાસે સર્વે નં.૪૦૮ વાળી સીકારીઓના પા થી ઓળખાતી જમીનો આવેલી છે. જે જમીનો પૈકી સર્વે નં.૪૦૮ અને ૪૦૯ એક જ શેઢે આવેલી છે અને તે બંને જમીનો વાદીઓએ ભેગી કરી એકત્ર કરી અને બંને જમીન સાથે વાવે છે અને વાવેતર કરે છે. અગાઉ તે જમીન માંથી ૧૭ વિઘા જેવી જમીન સર્વે નં.૪૦૯ માંથી વેચાણ કરેલ હતી અને બાકીની જમીન એકી સાથે સર્વે નં.૪૦૮ અને ૪૦૯ ની ભેગી કરી સંયુકત રીતે વાવે છે અને તે જમીનમાં છેલ્લા ૬૦ વર્ષ ઉપરાંતથી સતત રીતે શાંત અને પ્રત્યક્ષ કબજો, ભોગવટો અને માલીકી ધરાવે છે. તે જમીનમાં હાલ બાજરો, કપાસ, ધાણા, જુવાર અને ચણા વિગેરેનું વાવેતર કરેલ છે. વાદીઓએ સર્વે નં.૪૦૯ માં બે કુવા આવેલા છે તે કુવા માંથી પાણી લઈ સર્વે નં.૪૦૮ વાળી ખેતીની જમીનમાં પિત કરે છે અને સર્વે નં.૪૦૯ અને ૪૦૮ માં સંયુકત રીતે વાવેતર કરી વાદીઓ તેઓના પરીવારનું ભરણપોષણ કરે છે અને ઢોર–ઢાખરનો પણ નિભાવ કરે છે. વાદીઓની વારસાઈ રીતે સર્વે નં.૪૦૮ ની સીકારીઓના પા થી ઓળખાતી જમીન ઘરખેડ કેસ નં.૮૨૧ થી ચાલી તે કેસમાં તા.૨૨/૧૦/૧૯૫૪ ના રોજ વાદીઓના દાદાને તે જમીન કાયદેસર રીતે ગણોતીયા તરીકે કબજા હકકે ઠરાવ હકક કરેલ છે અને ત્યારથી તેઓ અને ત્યારબાદ તેના વારસો તરીકે વાદીઓ તે જમીનનો સતત રીતે કબજો, ભોગવટો ૬૦ વર્ષ ઉપરાંતથી ધરાવે છે. તેમાં કયારેય કોઈએ ડીસ્પશેઝન કરેલ નથી કે તે જમીનમાં કોઈએ કયારેય અડચણ, અટકાયત, અંતરાય કરેલ નથી અને સતત રીતે તે જમીન આવેલી છે. જેમા સર્વે નં.૪૦૮ જેના એકર ૬–૨૭ ગુંઠા અંદાજીત પોણા સતર વિઘા જેવી જમીન વાદીઓ પાસે આવેલી છે અને તે જમીનનો

આજદીન સુધી સતત રીતે ઉપયોગ, ઉપભોગવટો કરી રહેલ છે. વાદીઓનો પ્રથમ દર્શનીય કેસ છે. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં છે. વાદીઓને મનાઈ હુકમ આપવામાં ન આવે તો તેઓને ન વાળી શકાય તેવુ મોટુ અને શામટુ નુકશાન થાય તેમ છે. જયારે મનાઈ હુકમ આપવાથી પ્રતિવાદીઓને કોઈ નુકશાન થાય તેમ નથી અને વાદીઓ સતત રીતે છેલ્લા ૬૦ વર્ષ ઉપરાંતથી સર્વે નં.૪૦૮ વાળી ખેતીની જમીનનો કબજો ધરાવે છે અને વાદીએ આ જમીનમાં વાવેતર કર્યુ છે. તે જમીનમાં બાજરો, કપાસ, ધાણા, જુવાર, ચણા વિગેરે વાવેલ છે. તેમજ સર્વે નં.૪૦૯ માંથી પાણી લઈ દાવાવાળી સર્વે નં.૪૦૮ વાળી જમીનમાં પિત કરે છે અને જો આ જમીન અન્વયે વાદીઓને મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીઓને નાણાંમાં વસુલ થાય નહી તેવુ નુકશાન થાય તેમ છે. વાદીઓનો પરીવાર, ઢોર–ઢાખર તમામનો બ્રેડબટર જેવો પ્રાણ પ્રશ્ન સમાયેલ છે. કાયદેસર રીતે જમીનના વાદી વારસા રીતે માલીક બનેલ હોય સગવડતા અગવડતાની રીતે વાદીઓનો ખુબ જ મજબુત અને સબળ કેસ છે તેમ જણાવી એવી દાદ માંગેલ છે કે આ કામમાં પ્રતિવાદીઓ દાવાવાળી સર્વે નં.૪૦૮ ની જમીનમાં વાદીઓને ખેતીની જમીન માંથી કબજા વિહીન કરે કરાવે નહી કે અટકાયત, અડચણ, અવરોધ કરે કરાવે નહી તેવો વચગાળાનો મનાઈ હુકમ આપવા તેમજ આ અરજીનું તમામ અદાલતી ખર્ચ તથા મળતી તમામ દાદ અપાવવા અરજ કરેલ છે.

(૨) પ્રતિવાદી નં.૧ થી ૩ તરફે વિધ્વાન એ.જી.પી.શ્રીએ આંક–૧૬ થી વાદીની દાવા અરજી તથા વચગાળાની મનાઈ હુકમની અરજીના વાંધા જવાબ રજુ રાખેલ છે. જેમાં મહદઅંશે વાદીની દાવા અરજીની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને જણાવેલ છે કે ગીર સોમનાથ જીલ્લાના સુત્રાપાડા તાલુકાના સીંગસર ગામના (૧) કોળી જીણાભાઈ નાજાભાઈ કામળીયા (૨) પુંજાભાઈ નાજાભાઈ કામળીયા સીંગસર ગામે સ.નં.૪૦૯/પૈ.૧ ની ખેતીની જમીન ધરાવે છે. સ.નં.૪૦૮ વાળી જમીન મહમદમીયા બડામીયાના નામે ચાલે છે. ઘરખેડનો કેસ નં.૮૨૧ તા.૧૦/૧૨/૧૯૫૪ થી ચાલી ગયેલ હતો. તે રીતે ગુજરનાર કાળા જીવાને ગણોતીયા તરીકે કબજા હકકે મળેલ હોવાનું તથા કબજો

હોવાનું જણાવી પ્રતિવાદીઓ સામે દાવો દાખલ કરતા હાલનો કેસ ઉપસ્થિત થયેલ છે. સ.નં.૪૦૮ ના ગામ નમુના નં.૭/૧૨ માં વાદીનું નામ કબજેદાર તરીકે આવેલ નથી કે તેઓના નામનું પાણીપત્રક થતુ હોવાનું રેકર્ડ ઉપરથી જાહેર થતુ નથી. વાદીઓએ દર્શાવેલ સ.નં.૪૦૮ બાબતેની કોઈ હકીકતો ગામ નમુના નં.૬ ઉપર નથી કે ગામ નમુના નં.૭/૧૨ તથા ૮–અ માં પણ નથી. સદરહુ સ.નં.૪૦૮ ની જમીનના ગામ નમુના નં.૬, ૭/૧૨ કે ૮–અ માં કયારેય પણ વાદીનું નામ કબજેદાર તરીકે આવેલ હોવાનું ફલીત થતુ નથી. આ બધુ વાદીઓએ દાવા કરવાના આશયથી ખોટુ જણાવેલ હોય તેમ જણાય છે. દાવો લાવવાનું કોઈ કારણ પ્રતિવાદી નં.૧ થી ૩ સામે કયારેય ઉત્પન્ન થયેલ નથી. પોતાનો ગેરકાયદેસરનો કબજો હોય તેને કાયમી બતાવવા આ કારણ ઉભુ કરેલ હોય તેવુ સ્પષ્ટ જણાય છે. વાદીઓનો કોઈ પ્રાયમાફેસી કેસ નથી ઉલટાનો શ્રી સરકારનો સારો પ્રાઈમાફેસી કેસ છે. વાદીઓને મનાઈ હુકમ ન આપવાથી કોઈ કાયદેસરનું કે રકમમાં ન વાળી શકાય તેવુ નુકશાન જાય તેમ નથી. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીઓ કરતા શ્રીસરકાર પ્રતિવાદીની તરફેણમાં વિશેષ છે. તેમજ વાદીઓને સરકારશ્રી સામે કોઈ દાદ માંગવા કે મેળવવા હકક અધિકાર ન હોય અપાવી શકાય નહી તેમજ દાવો રદ કરવા તથા દાવાનું ખર્ચ વાદી પાસેથી વસુલ કરવા અરજ કરેલ છે.

(૩) પ્રતિવાદી નં.૪/૧ થી ૪/૪ તેમના વિ.વ.શ્રી મારફત હાજર થઈ આંક–૧૭ થી વાદીની દાવા અરજી તથા વચગાળાની મનાઈ હુકમની અરજીના વાંધા જવાબ રજુ રાખેલ છે. જેમાં મહદઅંશે વાદીની દાવા અરજીની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને ખરી હકીકતે એવી હકીકત જણાવેલ છે કે સીંગસર ગામના સર્વે નં.૪૦૮ ની ખેતીની જમીન વાદીઓના કોઈ દાદા કોળી કાળા જીવાની માલીકીની ન હતી અને ઘરખેડ કેસ પણ સર્વે નં.૪૦૮ માં ચાલેલ ન હતો. જે ઘરખેડ કેસ ચાલવા અંગેની વાત વાદીઓ કરે છે તે સર્વે નં.૪૦૮ નહી પરંતુ સર્વે નં.૪૦૯ છે. તે વાદીઓના દાદા કોળી કાળા જીવાને મળેલ હતો અને તે અંગેની નોંધ ગામ નમુના નં.૬ હકકપત્રકમાં નોંધ નં.૯૭૯ થી થયેલ છે. સર્વે નં.૪૦૮ વાદીની માલીકીની નથી પરંતુ પ્રતિવાદીની માલીકીની છે અને સર્વે નં.૪૦૮ માં

વાદીનો કોઈ કબજો નથી કે કયારેય તેનું રાઈટ ટાઈટલ પણ ન હતુ. સર્વે નં.૪૦૯ ની જમીન વાદીના દાદાએ વેચાણ આપતા તેના કુલ ચાર ભાગ પડેલ. સર્વે નં.૪૦૯/પૈકી–૧ તથા સર્વે નં.૪૦૯/પૈકી–ર, સર્વે નં.૪૦૯/પૈકી–૩ તથા સર્વે નં.૪૦૯/પૈકી–૪ જેમાંથી સર્વે નં.૪૦૯/પૈકી–૧ જ વાદીની માલીકીની છે. અન્ય સર્વે નંબર અન્ય ઈસમોના નામે રેવન્યુ રેકર્ડમાં છે. સર્વે નં.૪૦૯/પૈકી–૧ ની જમીન માંથી નાજાભાઈ કાળા તથા હીરાભાઈ કાળાભાઈએ ઘરમેળે સમજુતી કરી ખાતા નં.૮૩ ના ખાતાની જમીનના ભાઈઓ ભાગ પાડી દરેકના ખાતા અલગ અલગ જમીન ચડાવી આપવાની અરજી કરતા નાજા કાળાના ખાતે સર્વે નં.૪૦૯ ની જમીન માંથી એકર ૧૩–ર૦ ગુંઠા અને હીરા કાળાના નામે સર્વે નં.૪૧૫ ની જમીન માંથી એકર ૪–૪ ગુંઠા આવેલ હતી. જેની ગામ નમુના નં.૬ હકકપત્રકમાં નોંધ નંબર ૧૪૯૦ થી પડેલ હતી. ત્યારબાદ સર્વે નં.૪૦૯ પૈકીની જમીન માંથી નાજા કાળા પાસેથી આહેર કેસુર હમીરનાએ રજી. દસ્તાવેજ અનુક્રમ નં.૧૯૬૭ તા.૧૮/૦૫/૧૯૮૧ ના રોજ એકર ર–૦૦ ગુંઠા વેચાણ આપેલ અને તે અંગેની નોંધ ગામ નમુના નંબર ૬ હકકપત્રકમાં નોંધ નંબર ૧૮૮૫ થી પડેલ છે. ત્યારબાદ સદરહુ ખેતીની જમીન માંથી નાજા કાળા પાસેથી કોળી ભીમા ભગવાને રજી. વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.૪૪૭, તા.રર/૦ર/૧૯૭૬ થી એકર ર–૩ર ગુંઠા વેચાણ આપેલ અને તે અંગેની નોંધ ગામ નમુના નં.૬ હકકપત્રકમાં નોંધ નંબર ૧૮૯૫ થી પડેલ છે. ત્યારબાદ સદરહુ સર્વે નં.૪૦૯ પૈકી–૧ ની જમીન માંથી કોળી નાજા કાળા પાસેથી ભીમા વશરામ, લાખા, જગુ, દેવસીએ રજી.વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.૧૦૦૮ થી તા.૧૫/૦૩/૧૯૯૧ થી એકર ર–૦૦ ગુંઠા વેચાણ આપતા તે અંગેની નોંધ ગામ નમુના નંબર ૬ હકકપત્રકમાં નોંધ નં.ર૩૫૯ થી પડેલ છે. ત્યારબાદ સદરહુ ખેતીની જમીન સર્વે નં.૪૦૯ માંથી નાજા કાળાનું તા.૧૬/૦ર/ર૦૦ર ના રોજ અવસાન થતા તેના વારસો (૧) રતનબેન નાજાભાઈ તથા (ર) જીણાભાઈ નાજાભાઈ (૩) જાહીબેન નાજાભાઈ (૪) પુંજાભાઈ નાજાભાઈ (૫) ચીનીબેન નાજાભાઈ (૬) બુઢીબેન નાજાભાઈ (૭) સાવરીબેન નાજાભાઈના નામ ગામ નમુના નંબર ૬ હકકપત્રકમાં દાખલ થયેલ અને તેની

નોંધ નંબર ૪૪૯૬ પડેલ હતા. ત્યારબાદ સદરહુ સર્વે નં.૪૦૯ પૈકી–૧ માંથી (૧) રતનબેન નાજાભાઈ (૨) ચીનીબેન નાજાભાઈ (૩) બુઢીબેન નાજાભાઈ (૪) સાવરીબેન નાજાભાઈ (૫) ભીખાભાઈ કરસનભાઈ વાળાએ તેનો હકક, હિસ્સો ઉઠાવી લેતા તેની નોંધ નંબર ૪૬૩૬ થી ગામ નમુના નં.૬ હકકપત્રકમાં પડેલ હતી. ત્યારબાદ હાલના વાદીઓના નામે હાલ સદરહુ ખેતીની જમીન છે. આમ સર્વે નં.૪૦૮ ની ખેતીની જમીનમાં વાદીઓને કોઈપણ પ્રકારનો કોઈ હકક, હિત, હિસ્સો કે કબજો હતો નહી કે છે નહી અને વાદીઓની પાસે કયારેય પણ સર્વે નં.૪૦૮ ની જમીનનું રાઈટ, ટાઈટલ કે ઈન્ટરેસ્ટ કે કોઈપણ જાતનો કબજો હતો નહી અને વાદીઓએ આ કામમાં પ્રતિવાદીઓનો બાપદાદાના વખતનો કબજો છીનવી લેવા માટે બનાવટી સ્ટોરી ઉભી કરી હાલનો ખોટો દાવો તથા વચગાળાના મનાઈ હુકમની અરજી કરેલ છે. વાદીઓ જો પ્રતિવાદીઓ નં.૪/૧ થી ૪/૪ ના વર્ષો જુના કબજામાં દખલ કરી કબજો છીનવી લે તો પ્રતિવાદી નં.૪/૧ થી ૪/૪ ને ખુબ જ મોટુ નાણાંમાં ન વાળી શકાય તેવુ નુકશાન જાય તેમ છે અને તેમને વાદીઓને કોઈ હકક સર્વે નં.૪૦૮ની જમીનમાં ન હોવા છતાં ખોટા હકક ઉભા થાય તો પ્રતિવાદીઓ નં.૪/૧ થી ૪/૪ ને લીગલ ઈન્જરી તથા ઈરીપેરેબલ લોસ જાય તેમ છે. આમ, વાદીઓને કોઈ નુકશાન જતુ નથી પણ પ્રતિવાદીઓ નં.૪/૧ થી ૪/૪ ને જાય છે. આમ, પ્રતિવાદીઓ નં.૪/૧ થી ૪/૪ ની તરફેણમાં બેલેન્સ ઓફ કન્વીનીયન્સ છે. જેથી વાદીઓનો કોઈ પ્રથમ દર્શનીય કેસ ન હોય તેમજ જરૂરી પક્ષકાર જોડેલ ન હોય, યોગ્ય કોર્ટ ફી ભરેલ ન હોય તેમજ વાદીનો દાવો મુદતમાં ન હોય જેથી વાદીઓએ દાવા અરજી તેમજ વચગાળાની મનાઈ અરજીમાં માંગ્યા મુજબની કોઈપણ પ્રકારની દાદ મેળવવા હકકદાર ન હોય વાદીઓનો દાવો ખર્ચ સહિત રદ કરવા અને પ્રતિવાદીઓ નં.૪/૧ થી ૪/૪ સામે હાલનો ખોટો દાવો કરેલ કરેલ સ્પેશ્યલ કોસ્ટનો હુકમ કરવા અરજ કરેલ છે.

(૪) આ કામના વાદી તરફે આંક–૩૧ થી લેખીત દલીલ રજુ રાખેલ છે. જે વંચાણે લીધી. તેમજ પ્રતિવાદીઓ નં.૧ થી ૩ તરફે વિ.એ.જી.પી.શ્રી એ તેમના જવાબ

મુજબ દલીલ કરેલ છે અને પ્રતિવાદીઓ નં.૪/૧ થી ૪/૪ નો દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

**(૫)** સદર અરજીના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઠરાવવામાં આવેલ છે.

## -:: મુદ્દાઓ ::-

૧. શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે?

૨. શું સમતુલાનું પલ્લુ વાદીની તરફેણમાં છે?

૩. શું વાદીને નાણાંમાં ન મુલવી શકાય તેવુ નુકશાન થવા સંભવ છે?

૪. શું હુકમ?

**(૬)** ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયના જવાબ નીચે મુજબ છે.

૧. ''નકારમાં '',

૨. ''નકારમાં '',

૩. ''નકારમાં '',

૪. આખરી હુકમ મુજબ.

## -:: કારણો ::-

**મુદ્દા નં. ૧ થી ૩ ની સંયુકત ચર્ચા ::-**

**(૭)** આ કામે મુદા નંબર ૧ થી ૩ એકબીજા સાથે સંકળાયેલ હોય પુનરાવર્તન નિવારવા માટે મુદા નંબર ૧ થી ૩ની ચર્ચા એકી સાથે કરવામાં આવે છે.

**(૮)** આ કામના વાદી ધ્વારા તેમની હાલની અરજીમાં એવી રજુઆત કરવામાં આવેલ છે કે, વાદીઓ ગુજરનાર કોળી કાળા જીવા કામળીયાના વારસદારો છે કોળી કાળા જીવા હયાત હતા તે વખતે જે તે વખતે સ્પેશ્યલ મામલતદાર દક્ષિણ વિભાગ સોરઠ ડીસ્ટ્રીકટ વખતે સીંગસર ગામે સીકારીઓના પા તરીકે ઓળખાતી સર્વે નં.૪૦૮ તથા ૪૦૯

વાળી ખેતીની જમીન આવેલી છે. જેમાં તે જમીન અંગે કોળી કાળા જીવાના કબજા, ભોગવટા અને માલીક તરીકે જે તે વખતે કાયદેસર ઘરખેડની કાર્યવાહી કરી અને તેમાં ગુજરનાર મહમદમીયા બડામીયા પક્ષકાર હતા તે ૧૯૫૪ માં ઘરખેડનો કેસ ચાલેલ હતો. જેના કેસ નં.૮૨૧ અને ફેસલ તા.૧૨/૧૦/૧૯૫૪ છે અને તે જમીન કાયદેસર રીતે ગુજરનાર કાળા જીવાને ગણોતીયા તરીકે સ્વીકારી કબજા હકકથી આપવાનું ઠરાવેલ છે અને ત્યારથી આજદીન સુધી સતત રીતે વિના રોકટોક શાંત અને પ્રત્યક્ષ રીતે કબજો, ભોગવટો ધરાવે છે. કોળી કાળા જીવા ગુજરી ગયા બાદ તેના વારસો પાસે દાવાવાળી જમીન આવેલ હતી અને તે વારસોના અવસાન બાદ કોળી જીણા નાજા અને પુંજા નાજા એટલે કે વાદીઓ પાસે સર્વે નં.૪૦૮ વાળી સીકારીઓના પા થી ઓળખાતી જમીન આવેલી છે. આ જમીનનો સતત રીતે કબજો ભોગવટો ૬૦ વર્ષ ઉપરાંતથી ધરાવે છે. વાદીએ રેવન્યુ રેકર્ડ કઢાવતા રેવન્યુ રેકર્ડમાં પ્રતિવાદી નં.૪/૧ થી ૪/૪ ના નામ હોય સુત્રાપાડા મામલતદાર કચેરીમાં તપાસ કરતા ત્યારથી વાદીને કહેવામાં આવેલ કે જમીન તમારા નામે નથી અને કબજો છોડી દેજો જેથી વાદી ધ્વારા હાલનો દાવો કરવામાં આવેલ છે. પ્રતિવાદી નં.૧ થી ૩ તરફે આંક–૧૬ થી વાંધા જવાબ રજુ રાખવામાં આવેલ છે. જેમાં વાદીના નામે સર્વે નં.૪૦૯/પૈકી–૧ ની જમીન આવેલ છે અને સર્વે નં.૪૦૮ વાળી જમીન મહમદમીયા બડામીયાના નામે ચાલુ છે અને ઘરખેડ કેસ નં.૮૨૧ તા.૧૦/૧૨/૧૯૫૪ થી ચાલી ગયેલ હતો. વાદીઓએ દર્શાવેલ સર્વે નં.૪૦૮ ના ગામ નમુના નં.૭/૧૨ માં વાદીનું નામ કબજેદાર તરીકે આવેલ નથી. સર્વે નં.૪૦૮ની કોઈ બાબતની કોઈ હકીકત ગામ નમુના નં.૬ ઉપર નથી કે ૭/૧૨ તથા ૮–અ માં પણ નથી. જેથી સદરહુ સર્વે નં.૪૦૮ ની જમીનના ગામ નમુના નં.૬, ૭/૧૨ કે ૮–અ માં કયારેય પણ વાદીનું નામ કબજેદાર તરીકે આવેલ હોવાનું ફલીત થતુ નથી. જેથી વાદીની રજુઆત ગ્રાહય રાખવા પાત્ર નથી તેવી હકીકત જણાવેલ છે. પ્રતિવાદી નં.૪/૧ થી ૪/૪ ધ્વારા આંક–૧૭ થી વાંધા જવાબ રજુ રાખવામાં આવેલ છે. જેમાં એવી હકીકત જણાવેલ છે કે સીંગસર ગામના સર્વે નં.૪૦૮ ની ખેતીની જમીન વાદીઓના કોઈ દાદા કોળી કાળા

જીવાની માલીકીની ન હતી અને ઘરખેડ કેસ પણ સર્વે નં.૪૦૮ માં ચાલેલ ન હતો. જે ઘરખેડ કેસ ચાલવા અંગેની વાત વાદીઓ કરે છે તે સર્વે નં.૪૦૮ નહી પરંતુ સર્વે નં.૪૦૯ છે અને તે વાદીઓના દાદા કોળી કાળા જીવાને મળેલ હતો અને તે અંગેની નોંધ ગામ નમુના નં.૬ હકકપત્રકમાં નોંધ નં.૯૭૯ થી થયેલ છે. સર્વે નં.૪૦૮ વાદીની માલીકીની નથી પરંતુ પ્રતિવાદીની માલીકીની છે અને તેમાં વાદીનો કોઈ કબજો નથી કે કયારેય તેનું રાઈટ ટાઈટલ પણ ન હતુ. સર્વે નં.૪૦૯ ની જમીન વાદીના દાદાએ વેચાણ આપતા તેના કુલ ચાર ભાગ પડેલ. તે પૈકી સર્વે નં.૪૦૯/પૈકી–૧ વાળી જમીન વાદીના કબજામાં છે. સર્વે નં.૪૦૮ ની ખેતીની જમીનમાં વાદીનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે કબજો હતો નહી કે છે નહી અને વાદીઓની પાસે કયારેય પણ સર્વે નં.૪૦૮ ની જમીનનું રાઈટ, ટાઈટલ કે ઈન્ટરેસ્ટ કે કોઈપણ જાતનો કબજો હતો નહી અને વાદીઓએ આ કામમાં પ્રતિવાદીઓનો બાપદાદાના વખતનો કબજો છીનવી લેવા માટે બનાવટી સ્ટોરી ઉભી કરી હાલનો ખોટો દાવો કરેલ છે તેવુ જણાવી વાદીની અરજી રદ કરવા અરજ કરેલ છે.

(૯) બંને પક્ષની રજુઆતો સાંભળી. વાદીની અરજી તથા પ્રતિવાદીઓ તરફે રજુ રાખવામાં આવેલ જવાબ વંચાણે લીધા. વાદી તરફે રજુ રાખવામાં આવેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લીધો. બંને પક્ષની દલીલો ધ્યાને લીધી. કાયદાની સ્થિતી ધ્યાને લીધી. વાદી ધ્વારા પોતાની અરજીમાં સીંગસર ગામના સર્વે નં.૪૦૮ વાળી જમીન તેમની માલીકી અને કબજા ભોગવટાની હોય અને તેમાં પ્રતિવાદી નં.૪/૧ થી ૪/૪ ના ખોટી રીતે નામ ચડી ગયેલ હોય તેથી વાદી પાસેથી કબજો છીનવે નહી તે પ્રકારનો મનાઈ હુકમ માંગેલ છે. તે અનુસંધાને જોવામાં આવે તો વાદી તરફે રજુ રાખેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા વાદી તરફે નિશાની ૩/૧ થી ઘરખેડ કેસ નં.૮૨૧ ની નકલો રજુ રાખેલ છે. જે જોતા કોળી કાળા જીવાને ઘરખેડમાં જમીન મળેલ હોવાનું જણાઈ આવે છે પરંતુ તે જમીન સર્વે નં.૪૦૮ વાળી હોવાનું કોઈ જગ્યાએ જણાઈ આવતુ નથી. ઉપરાંત વાદીઓ કોળી કાળા જીવાના વારસો હોવા અંગે કોઈ પેઢીનામુ વાદી તરફે રજુ કરવામાં આવેલ નથી કે સર્વે

નં.૪૦૮ વાળી જમીનનું કોઈ હકકપત્રક વાદી તરફે રજુ કરવામાં આવેલ નથી. ઉપરાંત વાદી તરફે નિશાની ૩/૨ થી ૩/૫ સુધીના રેવન્યુ રેકર્ડ રજુ રાખેલ છે. જે સર્વે નં.૪૦૮ વાળી જમીનના છે. તે તમામ રેવન્યુ રેકર્ડ જોતા તેમાં મહમદમીયા બડામીયાનું નામ કબજેદાર તરીકે આવેલ હોવાનું જણાઈ આવે છે અને નિશાની ૩/૫ માં મહમદમીયા બડામીયાના વારસો તરીકે પ્રતિવાદી નં.૪/૧ થી ૪/૪ ની વારસાઈ એન્ટ્રી હકકપત્રક નોંધ નં.૫૨૨૧ થી થયેલ હોવાનું જણાઈ આવે છે. તે જોતા દાવાવાળી જમીન સર્વે નં.૪૦૮ નો કબજો ભોગવટો પ્રતિવાદી નં.૪/૧ થી ૪/૪ નો હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાઈ આવે છે. દાવાવાળી જમીન સર્વે નં.૪૦૮ વાદીની માલીકી કબજા ભોગવટાની હોવા અંગે કોઈપણ દસ્તાવેજી પુરાવો વાદી તરફે હાલના કેસમાં રજુ રાખવામાં આવેલ નથી. તેમજ પ્રતિવાદી નં.૧ થી ૩ તરફે રજુ રાખવામાં આવેલ જવાબ ધ્યાને લેતા પણ ગામ નમુના નં.૬ હકકપત્રકમાં સર્વે નં.૪૦૮ માં કયારેય પણ વાદીનું નામ કબજેદાર તરીકે આવેલ હોવાનું ફલીત થતુ નથી તેવુ જણાવવામાં આવેલ છે. આમ, દાવાવાળી જમીન વાદીની માલીકી કે કબજા ભોગવટાની હોવાનું વાદી પ્રથમદર્શનીય રીતે જ પુરવાર કરી શકતા ન હોય કે તે અંગે કોઈપણ દસ્તાવેજી પુરાવા વાદી તરફે રજુ રાખવામાં આવેલ ન હોય તેવા સંજોગોમાં સર્વે નં.૪૦૮ વાળી જમીન વાદીની માલીકી કે કબજા ભોગવટાની આવેલ હોવાનું કે વાદીને વારસાઈમાં મળેલ હોવાનું જણાઈ આવતુ ન હોય વાદીનો કોઈ પ્રથમદર્શનીય કેસ હોવાનું જણાઈ આવતુ નથી.

**(૧૦)** સર્વે નં.૪૦૮ વાળી જમીન વાદીની માલીકી કે કબજા ભોગવટાની હોવા અંગે વાદી તરફે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ ન હોય કે વાદીના વડીલોને તે જમીન ઘરખેડમાં મળેલ હોવા અંગે કોઈ સ્પષ્ટ પુરાવો વાદી તરફે રજુ કરવામાં આવેલ ન હોય અને સર્વે નં.૪૦૮ વાળી જમીન વાદીની માલીકી કે કબજા ભોગવટાની હોવાનું પ્રથમદર્શનીય રીતે જ જણાઈ આવતુ ન હોય તેવા સંજોગોમાં વાદીને મનાઈ હુકમ નહી આપવાથી વાદીને કોઈ નુકશાન થતુ હોવાનું જણાઈ આવતુ નથી. જયારે વાદી તરફે રજુ રાખવામાં આવેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા દાવાવાળી જમીન પ્રતિવાદી

નં.૪/૧ થી ૪/૪ ના નામે આવેલ હોવાનું અને પાણી પત્રકમાં પણ તેમના નામો હોવાનું અને પ્રતિવાદી નં.૪/૧ થી ૪/૪ નો કબજો ભોગવટો આવેલ હોવાનું જણાઈ આવતુ હોય વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવાથી પ્રતિવાદી નં.૪/૧ થી ૪/૪ ને વિશેષ નુકશાન થતુ હોવાનું જણાઈ આવતુ હોય, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીની તરફેણમાં હોવાનું જણાઈ આવતુ નથી. તેમજ દાવાવાળી જમીન વાદીની માલીકી કે કબજા ભોગવટાની હોવાનું પ્રથમદર્શનીય રીતે જ જણાઈ આવતુ ન હોય તેથી વાદીને મનાઈ હુકમ ન આપવાથી વાદીને કોઈ નાણાંમાં ન મુલવી શકાય તેવુ નુકશાન થતુ હોવાનું પણ જણાઈ આવતુ ન હોય તે તમામ સંજોગો ધ્યાને લેતા વાદીનો પ્રથમદર્શનીય કેસ હોવાનું જણાઈ આવતુ નથી. તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીની તરફેણમાં હોવાનું જણાઈ આવતુ નથી. ઉપરાંત વાદીને મનાઈ હુકમ નહી આપવાથી વાદીને નાણાંમાં ન મુલવી શકાય તેવુ નુકશાન થતુ હોવાનું જણાઈ આવતુ ન હોય મુદા નં.૧ થી ૩ નો જવાબ ''**નકારમાં**'' આપી મુદા નં.૪ અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>-:: હુકમ ::-</u>**

**૧)** વાદીની આંક-૫ ની વચગાળાનો મનાઈ હુકમ મેળવવા માટેની અરજી આથી રદ યાને નામંજુર કરવામાં આવે છે.

**૨)** ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

આ હુકમ આજરોજ તારીખ-૧૦મી, માહે-જાન્યુઆરી, સને-૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૧૦/૦૧/૨૦૨૨
સ્થળ : વેરાવળ

(મહેમુદ ઉસ્માન કુરમાની)
પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ
વેરાવળ
(કોડ નં. જીજે-૦૧૦૧૨)